# દાટેલી હાલતમાં મળેલી જીપનો માલિક સમગ્ર રહસ્ય ખોલશે

## ચેસીઝ નંબરને આધારે એક જીપનો નંબર આર.ટી.ઓ.માંથી મળતા જીપ માલિક સુધી પોલીસ પહોંચી શકી : બીજી જીપ હજુ બિનવારસી

ગાંધીનગર, તા.૩

અડાલજ-ખોરજ વચ્ચે ગૌચરની અવાવરૂ જમીનમાં દાટેલી હાલતમાં એક સપ્તાહ પહેલા બે જીપો અને એક વાહનનો કાટમાળ રહસ્યમય રીતે મળી આવ્યો હતો. એક જીપના ચેસીસ નંબરને આધારે આરટીઓમાંથી નંબર મેળવી જીપ માલિક સુધી પહોંચવામાં અડાલજ પોલીસને સફળતા મળી છે. આવતી કાલે પાટણ રહેતા જીપ માલિક પોલીસને મળવા આવે તેવી શકયતા છે. ત્યાર બાદ સમગ્ર રહસ્ય પરથી પડદો હટે તેવી સંભાવના છે.

જમીનમાં ઉંડો ખાડો કરી છ વર્ષ પહેલા રાત્રે બે વાગે જીપો દાટયાની ચોકકસ બાતમીને આધારે જેસીબીથી અડાલજ પોલીસે તે સ્થળે ખોદકામ કરાવીને બે જીપો અને એક વાહનનો કાટમાળ કાઢયો હતો. એક મેકસ જીપ અને બીજી તુફાન જીપ બંનેનો નંબર તથા એન્જીન ગાયબ હતાં પોલીસે ચેસીઝ નંબરને આધારે જીપનો રજીસ્ટ્રેશન નંબર મેળવવા પ્રયત્ન કરતાં એક જીપ મેકસનો નંબર મેળવી તેના માલિક સુધી પોલીસ પહોંચી શકી છે. પાટણના શંભુભાઈ ઈશ્વરભાઈ દેસાઈની જીપ હોવાનું ખુલ્યું છે તેની સાથે અડાલજ પોલીસે ટેલીફોનીક વાત કરી છે. આવતી કાલે તે અડાલજ પોલીસ મથકે આવે તેવી શકયતા છે. ત્યાર બાદ આ દટાયેલા વાહનોના રહસ્ય ખુલે તેવી શકયતા વર્તાઈ રહી છે. જો કે બીજી જીપ હજુ બિનવારસી જ છે.

# ભગવાન કૃષ્ણનો જન્મ અહંકારનો નાશ કરવા થયો હતો : શાસ્ત્રી ફૂલશંકર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨૨ ખાતે આનંદવાટિકામાં શાસ્ત્રી ફૂલશંકરની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત જ્ઞાનકથા સપ્તાહ ચાલી રહી છે. આ જ્ઞાનકથામાં પૂ. ફુલશંકર શાસ્ત્રીએ આજે દશમ સ્કન્ધ, ૧૬ સંસ્કારો સહિત અનેક બાબતે પ્રકાશ પાડયો હતો.

શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે ૧૬ સંસ્કારોમાંથી એક પણ સંસ્કાર મેળવેલ વ્યકિત હિન્દુ કહેવાય. તેમણે ધર્મશાસ્ત્રોને અપમાનિત કરવા પર વ્યથા ઠાલવી હતી. તેમના



મતે મથુરા શબ્દ મૂળ મધુપૂરીનો અપભ્રંશ શબ્દ છે. શાસ્ત્રીજીએ સ્મશાને ઠાઠડી લઈ જતા ડાઘુઓએ માત્ર શ્રીરામ, શિવનામ કે કૃષ્ણનામ જ ઉચ્ચારવું જોઈએ. મહામૃત્યુંજય કે બીજા વૈદિક મંત્રોચ્ચાર કરવા જઈએ નહીં. તેમના મતે વિશુધ્ધ જીવાત્મા માત્ર બુધ્ધિનો આશરો કરે છે તે વિશુધ્ધમાંથી મિશ્ર બને છે અને અહંકાર સુખનો નાશ કરે છે. ભગવાન કૃષ્ણનો જન્મ અહંકારનો નાશ કરી જીવાત્માને તારવા થયો હતો તેમજ પવિત્ર માણસને લોભથી ખેંચે તે માયા છે તેવું શાસ્ત્રીજીએ જણાવ્યું હતું.

# કડી કેમ્પસમાં પૂ. છગનભા રમતોત્સવ અને સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી દ્વારા તાજેતરમાં પૂ. છગનભા રમતોત્સવ અને સાંસ્કૃતિક મહોત્સવ યોજાઈ ગયો. જેમાં કેમ્પસની તમામ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યા હતા. જેમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલના વિજેતા વિદ્યાથીઓમાં માધ્યમિક વિભાગમાં લાંબીકૂદમાં સંદિપ બિહોલા - ત્રીજા સ્થાને, બેડમિન્ટનમાં રિતિક પટેલ - બીજા સ્થાને, ટેબલટેનિસમાં રવિ પટેલ - બીજા સ્થાને, કરાટેમાં પ્રજ્ઞેશ બરંડા - બીજા સ્થાને, રાયફલ શૂટિંગમાં સાર્થક રાવલ - બીજા સ્થાને અને વકતૃત્વ સ્પર્ધામાં માનવ પટેલ - પ્રથમ સ્થાને સમાવેશ થાય છે.

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિજેતા વિદ્યાર્થીઓમાં ૧૦૦ મટીર દોડમાં અકુલાસ ગામીત - ત્રીજા સ્થાને, વકતૃત્વ સ્પર્ધામાં વંદન રાવલ -પ્રથમ સ્થાને, નિબંધ લેખનમાં વિરલ સુથાર - બીજા સ્થાને, રાઈફલ શૂટિંગમાં અંકિત ઠાકર - ત્રીજા સ્થાને અને કેરમમાં ધર્મિત લાલન બીજા સ્થાને નો સમાવેશ થાય છે.


એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાંથી ૧૦૦ મી. દોડમાં આંચલ પટેલ - ત્રીજા નંબરે, લાંબીકૂદમાં મેઘલ ગોહિલ - બીજા નંબરે, ગોળાફેંકમાં નિધિ ગામેતી - બીજા નંબરે, ટેબલ ટેનિસમાં અંજલી ગઢવી - પ્રથમ સ્થાને અને નિબંધ લેખનમાં સ્વીટી પટેલ - પ્રથમ સ્થાને વિજેતા બન્યા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય તથા પરિવારે અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

# સમસ્ત બ્રાહ્મણ સેવા પ્રતિષ્ઠાન દ્વારા જીવનસાથી પસંદગી પરિચય પુસ્તિકા તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાતના સમસ્ત બ્રાહ્મણ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી પરિચય માહિતી પુસ્તિકા ૨૦૧૫ તૈયાર કરવામાં આવનાર છે. આ પુસ્તિકાથી રાજયમાં વસતા સમસ્ત બ્રાહ્મણ સમાજના પરિવારોના પરણવાલાયક દિકરા-દિકરીને જીવનસાથી પસંદગી માટે વિશાળ તક મળશે. આ પુસ્તિકામાં વિદેશથી વસતા એનઆરજી ઉમેદવારોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ જીવનસાથી પસંદગી પરિચય માહિતી પુસ્તિકા ૨૦૧૫માં નામ નોંધાવવા માટે દરેક બ્રાહ્મણ પરિવારો પાસે તેમના લગ્નોત્સુક સંતાનોની વિગતો મંગાવવામાં આવી છે. આ વિગતો સમસ્ત બ્રાહ્મણ સેવા પ્રતિષ્ઠાનના પ્રણવભાઈ ગોરનો સંપર્ક સાધવા જણાવાયું છે. આ માટે સંસ્થાના કાર્યાલય આનંદવિહાર એપાર્ટમેન્ટસ, આઝાદ સોસાયટી રોડ, હિંમતલાલ પાર્ક પાસે, આંબાવાડી, અમદાવાદ-૧૫ ખાતે પણ સંપર્ક કરી શકાશે. આ પુસ્તિકામાં નામ નોંધાવવા માટે તા. ૩૧મી જાન્યુઆરી સુધીમાં ફોર્મ ભરી દેવાના રહેશે.



# અનઅધિકૃત રીતે લોટો લગાવેલી ફરતી મધ્યપ્રદેશની કાર ઝડપાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર પાસેના પીડીપીયુથી ભઈજીપુરા માર્ગ પર ઈન્ફોસીટી પોલીસ ચેકીંગમાં હતી તે દરમિયાન મધ્યપ્રદેશ પાસીંગની એક કાર પીળા લોટા લાગેલી હાલતમાં પસાર થતી નજરે ચઢી હતી. ઈન્ફોસીટી પોલીસે તાત્કાલિક એમ.પી. ૦૯ ટી.એ. ૬૮૧૧ નંબરની કાર જેની ઉપર મધ્યપ્રદેશ ગવર્મેન્ટ (યુ/ટી) લખ્યું હતું તેને રોકી જપ્ત કરી લીધી હતી. અનઅધિકૃત રીતે લોટો લગાવીને ગાંધીનગરમાં ફરી રહેલી આ કાર ડીટેઈન કરી ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવ ચેતના કલબ દ્વારા નવા વર્ષની ઉજવણી

ગાંધીનગર, તા.૩

નવ ચેતના કલબ દ્વારા નવા વર્ષની ઉજવણી ડી.જે. પાર્ટીના તાલે ખુબ ધામધૂમથી કરવામાંઆવી હતી. સે-૨૫ શ્રધ્ધા પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં નવચેતના કલબના સભ્યોએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

આ પ્રસંગે પૂર્વ સાંસદ શ્રી રતિલાલ વર્મા, મ્યુ. કોર્પોરેટર શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી ગોવિંદભાઈ સોલંકી, શ્રી પી.બી. શ્રીમાળી, ડૉ. જગદીપ વાઘેલા, કરશનભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દેવેન વર્મા, અશોક સોનેરી, અમિત રાઠોડ, હરેશ પરમાર, મહેન્દ્ર પંડિત, નિલેશ ચૌહાણ, પો.કૃષ્ણવદન પરમાર, મહેશ ગોહિલ, ડી.એમ. પરમારે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના મહામંત્રી નિમેષ વાઘેલાએ સૌ મિત્રો અને સભ્યોનો આભાર માન્યો છે.

## આજે નાગર યુવાનો માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩

સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા તા. ૪થી જાન્યુઆરી રવિવારે અમદાવાદમાં નાગર યુવક યુવતિઓ માટે જીવસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન અષ્ટદશમ (અઢાર)નું આંતરરાષ્ટ્રીય કક્ષાનું છે. જે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં સરકીટ હાઉસ સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ખાતે સવારે ૧૦ થી બપોરના ૩ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં ભારતભરમાંથી રાજસ્થાન, દિલ્હી, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના તમામ શહેર ઉપરાંત ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાંથી ૫૭૦ સહિત કુલ ૧૫૦૦ જેટલા લગ્નોત્સુક ઉમેદવારો ભાગ લેશે.

# કોર્ટમાં ચોરીના પ્રયાસ બાદ કોર્ટ કર્મચારીઓની પણ ફિંગર પ્રિન્ટ લેવામાં આવી

## કોર્ટ સંકુલમાં તૈનાત સુરક્ષા કર્મીઓના નિવેદનો પણ લેવાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર કોર્ટ સંકુલમાં પ્રવેશ કરીને કોર્ટના તાળા તોડી ચોરના પ્રયાસની ચકચારી ઘટનામાં પોલીસે ચોરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે. પરંતુ હજુ સુધી કોઈ કડી મળતી નથી. તો બીજી તરફ કોર્ટમાંથી કોઈ માલમત્તા પણ ગાયબ થઈ નહીં હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે. પોલીસ તપાસના ભાગરૂપે કોર્ટ સંકુલમાં તૈનાત સુરક્ષા કર્મીઓના નિવેદનો લીધા બાદ કોર્ટ કર્મીની ફિંગરપ્રિન્ટ પણ લીધી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી વિગતો મુજબ કોર્ટમાં તાળા તોડી પોલીસને ખુલ્લો પડકાર ફેંકનાર ચોરો સુધી પહોંચવાનું પગેરૂ પોલીસને હજુ મળતું નથી. કોર્ટમાંથી કોઈ માલ મત્તા ચોરી થવા પામી નથી. તો બીજી તરફ કોઈ મહત્વના કેસની ફાઈલ કે કાગળો ગાયબ થયા છે કે કેમ તેનું એસેસમેન્ટ ચાલી રહ્યુ છે. ચોરો સુધી પહોંચવા માટે પોલીસે ઘટના સ્થળેથી મળેલી ફિંગરપ્રિન્ટ મુજબ તપાસ આગળ ધપાવી છે. પોલીસે એફએસએલની મદદથી ફિંગરપ્રિન્ટની ચકાસણી શરુ કરી છે તો બીજી તરફ કોર્ટના કર્મચારીઓની પણ ફિંગર પ્રિન્ટ લેવામાં આવી છે. તે ઉપરાંત તપાસ કરતી સે-૭ પોલીસ દ્વારા નિવેદનો લેવામાં આવી રહ્યા છે. જો કે હજુ સુધી ચોરો સુધી પહોંચવાની કોઈ જ મજબુત કડી પોલીસને મળી નથી.



## બી.જે. મેડિકલ કોલેજના ૧૯૬૫ના વર્ષમાં ભણેલા ૧૫૦ ડૉક્ટર્સનું મિલન થયું

ગાંધીનગરની સી.એમ. પટેલ નર્સિંગ કોલેજમાં ૧૫૦ ડૉકટર્સનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ તમામ ડૉક્ટર્સે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં મેડિકલનો અભ્યાસ કર્યો હતો અને તેઓ 'ક્લાસ ઓફ કપ રી-યુનિયન'ના નામે ૫૦ વર્ષે ગોલ્ડન જ્યુબિલિ ઉજવવા ભેગા થયા હતા. વર્ષો પછી મળેલા આ ડૉક્ટર્સે પોતાના વ્યવસાયના અનુભવો અને સંસ્મરણો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને કાર્યક્રમના પ્રેરક ડૉ. કનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ડૉકટર્સમાં પદ્મશ્રી ડૉ. સુધીર પરીખ, કાર્ડિયોલોજીસ્ટ ડૉ. અતુલ ચોકસી, વિખ્યાત ફિઝીશ્યન ડૉ. ગૌતમ શાહ, એરિઝોના યુએસએ સ્થિત ડૉ. સી.કે. ગઢવી, ન્યુરો ફિઝીશ્યન ડૉ. ભૂપેન્દ્ર શાહ, ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ ડૉ. રમણ ટેલ (યુએસએ) અને ગાયનેક ડૉ. પંકજ ઠાકર વગેરેનો સમાવેશ થાય છે.

# અડાલજ કેનાલમાં ઝંપલાવી અમદાવાદનાં યુવાનનો આપઘાત

## સાબરમતી રેલવે કોલોનીમાં રહેતા યુવાનના આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક અડાલજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં મોતની છલાંગ લગાવી અમદાવાદના ૨૮ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર જીવન લીલા સંકેલી લીધી છે. કેનાલ સિકયુરીટી ગાર્ડે પોલીસને જાણ કરતાં અડાલજ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું રહસ્ય બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

અડાલજ કેનાલ સિકયુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં હતો ત્યારે આજે બપોરના અરસામાં અડાલજ કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને ઘટનાની જાણ કરતાં અડાલજ પોલીસ મથકના જમાદાર ભીખાભાઈ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં મૃતક અમદવાદ સાબરમતી ખાતેની રેલવે કોલોની ખાતે રહેતા ૨૮ વર્ષીય યુવાન પ્રદિપભાઈ બાબુભાઈ શ્રીમાળીનો હોવાનું બહાર આવ્યું હતું આ યુવાને કયા કારણસોર આપઘાત કર્યો તે હજુ બહાર આવ્યું નથી. પોલીસે પોસ્ટ મોર્ટમ કરાવી ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# મહુન્દ્રાના કર્મયોગી તલાટી કમ મંત્રી દિલીપભાઈ જોષીનો નિવૃત્તિ વિદાય સન્માન સમારંભ યોજાયો

## દિલીપભાઈએ નિવૃતિ સાથે પારસા અને મહુન્દ્રા ગામ દત્તક લઈ શૌચાલય તેમજ જનધન યોજના ૧૦૦ ટકા પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો



(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે તલાટી-મ-મંત્રી તરીકે ફરજ બજાવતા કર્મયોગી દિલીપભાઈ જોષી વય મર્યાદાને કારણે નિવૃત્ત થવા પામ્યા હતા. તેમના ૩૨ વર્ષના યશસ્વી એવા કાર્યને બિરદાવવા વિદાય સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આ સમારોહમાં ધારાસભ્યો અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં વકતાઓએ દિલીપભાઈ જોષીના કર્મયોગી અને સેવાભેખધારી વલણ અને પ્રસંશનીય કામગીરિને બિરદાવી હતી અને તેમને શેષ જીવન માટે દિર્ઘાયુ અને તંદુરસ્તીની શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂત શાંતિભાઈ પટેલ, જિલ્લા તલાટી મંડળના પ્રમુખ રમણભાઈ પ્રજાપતિ, ઘનશ્યામભાઈ પટેલ, હસમુખભાઈ વાણિયા, વિરેન્દ્રસિંહ રાણા, તલાટી કમ મંત્રીઓ, આસપાસના ગામનમા સરપંચો સહિત મહુન્દ્રાના સરપંચ રેવાભાઈ મેસરિયા, ડેપ્યુટી સરપંચ નટુજી ઠાકોર તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈદે મિલાદની મુબારકબાદી પાઠવતા રાજયપાલશ્રી

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીએ હઝરત મહંમદ પયંગબર સાહેબની જન્મ જયંતિ ઈદે મિલાદુન્નબી પ્રસંગે હાર્દિક મુબારકબાદી પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે, ઈદે મિલાદનો પવિત્ર પર્વ સામાજીક સદ્દભાવ, બંધુત્વ અને એકતાનું ઘોતક છે. આજના પાવન અવસરે હું રાજયમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય તેવી હાર્દિક કામના કરૂં છું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૫**
**સૂર્યાસ્ત : ૬.૦૫**

### તાપમાન

**મહત્તમ : ૨૪.૨ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૮૯ ટકા ● સાંજે ૬૨ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૨ :**
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

**સીટી પલ્સ**

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
**: સ્ક્રીન-૩ :**
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઈંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
**: સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
**: સ્ક્રીન-૫ :**
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

**સિનેમેક્સ**

**: સ્ક્રીન-૧ :**
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
**: સ્ક્રીન-૨ :**
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
**સ્ક્રીન-૩ :**
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
**સ્ક્રીન-૪ :**
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા ચમનજી રણછોડભાઈ (ઉ.વ.૬૫) મુ. રૂપાલ. તા.જી. ગાંધીનગર
- સ્વ. ઈશ્વરભાઈ મણીલાલ શાહ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૨/૨, છ-ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. પટેલ ધૂળીબેન કિશોરભાઈ (ઉ.વ.૮૦) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. ચતુરભાઈ અમથારામ પ્રજાપતિ (ઉ.વ.૭૦) બ્લોક નં. ૧૫બી, રો હાઉસ, હરીનગર, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ.અંજનાબેન અનિલગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૮) મુ. ચાંદખેડા, પટેલ વાસ, તા. જી. ગાંધીનગર
- ચતુરભાઈ લક્ષ્મણભાઈ સોલંકી (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૬૩૬/૨, સેકટર-૧૩એ, ગાંધીનગર